# નમૂનો-૧

અગ્રતા ક્રમ:- ૧૬

વિભાગ:- મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-**15/4/1448**

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તા:-૨૦/૦૨/૨૦૨૪ (બીજી બેઠક)

ગુજરાત વિધાનસભા:- ૧૫ મી, ચોથું

પ્રશ્નનું શિર્ષક:- સુરત જિલ્લામાં મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ખાનગી જમીનનું સંપાદન કરવા બાબત.

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ તથા તેમનો મત વિસ્તાર:

માન.ધારાસભ્યશ્રી સંદિપ દેસાઈ (ચોર્યાસી)

# અનુક્રમણિકા


| ક્રમ. નં. | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| મૂળ પ્રશ્ન | *સુરત જિલ્લામાં મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ખાનગી જમીનનું સંપાદન કરવા બાબત* | |
| જવાબ | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનુ હાર્દ | પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ |
| પૂરક પ્રશ્ન-૧ | સુરત જિલ્લામાં સુરત મેટ્રો રેલ પ્રોજેકટ માટે તાલુકા મુજબ કયા ગામની સર્વે નંબરની સંખ્યા સહિત કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે? | શ્રી સંદિપભાઇ દેસાઇ (ચોર્યાસી) |
| પૂરક પ્રશ્ન-૨ | સંપાદન હેઠળની જમીનના કેટલા ખાતેદારોને કેટલું વળતર ચુકવાયેલ છે. તેની સંખ્યા અને રકમ ? (ગામ મુજબ) | શ્રી સંદિપભાઇ દેસાઇ (ચોર્યાસી) |
| પૂરક પ્રશ્ન-૩ | સંપાદન હેઠળની કેટલા ખાતેદારોની કેટલી જમીનનું વળતર ચુકવવાનું બાકી છે ? વળતર બાકી રહેવાના કારણો કયા છે ? | શ્રી મોહનભાઇ ઢોડિયા (મહુવા) |
| પૂરક પ્રશ્ન-૪ | સુરત જિલ્લામાં સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે કેટલી જમીન સંપાદન માટે એવોર્ડ જાહેર કરવામાં આવ્યા? તે પૈકી કેટલી જમીન સંમતિ એવોર્ડથી અને કેટલી જમીન રેગ્યુલર એવોર્ડથી સંપાદન કરવામાં આવી? | શ્રી મોહનભાઇ ઢોડિયા (મહુવા) |
| પૂરક પ્રશ્ન-૫ | સંમતિ એવોર્ડ મુજબ કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યુ તેમજ રેગ્યુલર એવોર્ડ મુજબ કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યુ ? કેટલી રકમનું ચકવણૂં બાકી છે? (ગામ મુજબ) | શ્રી મોહનભાઇ કોંકણી (વ્યારા) |
| પૂરક પ્રશ્ન-૬ | સંપાદન હેઠળની કેટલી જમીનનો કબ્જો લેવામાં આવ્યો અને કેટલી જમીનનો કબ્જો લેવાનો બાકી છે. કયા કારણસર કબજો લેવાનો બાકી છે? | શ્રી મોહનભાઇ કોંકણી (વ્યારા) |
| પૂરક પ્રશ્ન-૭ | સંપાદનની કાર્યવાહીના કારણે કેટલા કુટુંબ વિસ્થાપિત થયા?વિસ્થાપિત કુટુંબ માટે શું કાર્યવાહી કરવામાં આવી? | |
| | *પુરક માહિતી* | |

*સુરત જિલ્લામાં મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ખાનગી જમીનનું સંપાદન કરવા બાબત*

તારાંકિત પ્રશ્ન

ક્રમાંકઃ પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/1448

વિષયઃ

સુરત જીલ્લામાં મેટ્રો રેલ પ્રોજેકટ માટે ખાનગી જમીનનું સંપાદન કરવા બાબત

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 16/01/2024 | 14/02/2024 | 01/02/2024 |

*15/4/1448 શ્રી સંદીપ દેસાઈ(ચોર્યાસી)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત મેટ્રો રેલ પ્રોજેકટ માટે સુરત જિલ્લામાં કુલ કેટલા હેકટર ખાનગી જમીન સંપાદન કરવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા હેકટર જમીનનો એવોર્ડ જાહેર કરવામાં આવ્યો, અને

(૩) ઉકત સ્થિતિએ કુલ જાહેર કરેલા એવોર્ડ પૈકી કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું?

----

મુખ્ય પેજ પર જાઓ

વિભાગે કરેલ જવાબ

## સુરત જિલ્લામાં મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ખાનગી જમીનનું સંપાદન કરવા બાબત

*15/4/1448: શ્રી સંદિપ દેસાઈ(ચોર્યાસી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે:-

| નં. | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે સુરત જિલ્લામાં કુલ કેટલા હેક્ટર ખાનગી જમીન સંપાદન કરવામાં આવી , | (૧) | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે સુરત જિલ્લામાં કુલ ૧.૧૪ હેક્ટર ખાનગી જમીન સંપાદન કરવામાં આવી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટર જમીનનો એવોર્ડ જાહેર કરવામાં આવ્યો?અને | (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧.૧૪ હેક્ટર જમીનોના એવોર્ડ જાહેર કરવામાં આવ્યા. |
| (૩) | ઉક્ત સ્થિતિએ કુલ જાહેર કરેલા અવોર્ડ પૈકી કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું? | (૩) | રૂ. ૫૩, ૫૯, ૯૮, ૯૩૭/- ( અંકે રૂપિયા ત્રેપ્પન કરોડ ઓગણસાંઠ લાખ અઠ્ઠાણુ હજાર નવસો સાડત્રીસ પુરા) |

મુખ્ય પેજ પર જાઓ

## જમીન સંપાદનનું હાર્દ

- જમીન સંપાદનની કાર્યવાહી ફેબ્રુઆરી-૨૦૨૧ થી ઑનલાઇન ગતિશકિત પોર્ટલ પર હાથ ધરવામાં આવે છે. જેથી જમીન સંપાદન માટે ફિઝિકલ દરખાસ્ત રજૂ કરવાની રહેતી નથી. જમીન સંપાદનની કાર્યવાહી ઑનલાઇન કરવાથી જમીન સંપાદન ઝડપી બનેલ છે.
- અત્યાર સુધી  વિવિધ કલમો હેઠળના કુલ ૪૩૯ જાહેરનામા ઑનલાઇન ગતિશક્તિ પોર્ટલ પર મંજૂર કરવામાં આવેલ છે.
- જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા દર ૧૫ દિવસે જિલ્લામાં ચાલતા જમીન સંપાદનના વિવિધ  પ્રોજેક્ટસ ની સમિક્ષા હાથ ધરવામાં આવે છે, જેથી આ પ્રોજેક્ટ્સ નિયત સમયમર્યાદામાં પૂર્ણ  કરી શકાય છે.
- મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યમાં ચાલતા જમીન સંપાદના મહત્વના પ્રોજેક્ટસ ની  પણ સમયાંતરે સમિક્ષા હાથ ધરવામાં આવે છે, જેથી રાષ્ટ્રીય મહત્વના આંતરમાળખાકીય પ્રોજેક્ટ્સ ની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થઇ શકે છે.
- રાજ્યમાં બુલેટ ટ્રેન, અમદાવાદ મેટ્રો, દિલ્લી મુંબઇ એક્ષપ્રેસ વેની સંપાદનની લગભગ તમામ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ સુરત મેટ્રો પ્રોજેક્ટસ ની સંપાદનને લગતી કામગીરી પૂર્ણતા ના આરે છે.
- નવા જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ ની કલમ-૨૬ હેઠળ સંપાદિત જમીનની બજાર કિંમત નક્કી કરવામાં આવે છે. આથી નવા જમીન સંપાદન અધિનિયમ હેઠળ સંપાદિત જમીનનું વળતર વધારે નક્કી થાય છે.

## જુના જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ અને નવા જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩વચ્ચે નો તફાવતઃ

- જુના જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ હેઠળ ૧૦૦ ચો.મી. જમીન સંપાદનની અંદાજીત રૂા.૧૪,૨૦૦ જેટલુ વળતર ચુકવવામાં આવતું હતું.
- જયારે નવા જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ હેઠળ ૧૦૦ ચો.મી. જમીન સંપાદનની અંદાજીત રૂા.૪૨,૪૦૦ જેટલુ વળતર ચુકવવામાં આવે છે.
- આમ, જુના જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ હેઠળ ચુકવાતા વળતર કરતાં જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ હેઠળ જમીન સંપાદનના વળતરમાં અંદાજીત ૨૦૦ ટકા જેટલું વધારે વળતર ચુકવવામાં આવે છે.

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ-૧૬<br>ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક-15-4-1448 | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી સંદિપભાઇ દેસાઇ (ચોર્યાસી) | |
| પેટા પ્રશ્નઃ ૦૧ | સુરત જિલ્લામાં સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે તાલુકા મુજબ કયા ગામની સર્વે નંબરની સંખ્યા સહિત કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે? |
| જવાબ | સુરત જિલ્લામાં સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની વિગત નીચે મુજબ છે. |

| તાલુકો | કુલ ગામ | કુલ સર્વે નંબર | કુલ ક્ષેત્રફળ (ચો.મી.) | સંપાદન પુર્ણ થયેલ ક્ષેત્રફળ (ચો.મી.) | સંપાદન બાકી (ચો.મી.) |
|---|---|---|---|---|---|
| અડાજણ | ૨ | ૧૩ | ૪૧૦૦.૨૦ | ૩૮૫૭.૨૦ | ૨૪૩.૦૦ |
| કતારગામ | ૨ | ૧૦ | ૬૩૯.૦૪ | ૬૩૯.૦૪ | ૦૦.૦૦ |
| પૂણા | ૩ | ૧૨ | ૩૧૧૮.૦૦ | ૧૯૫૪.૦૦ | ૧૧૬૪.૦૦ |
| ઉધના | ૨ | ૩ | ૭૫૦.૩૮ | ૪૬.૧૮ | ૭૦૪.૨૦ |
| મજુરા | ૪ | ૨૧ | ૧૫૩૩૬.૩૫ | ૧૨૭૨૧.૩૫ | ૨૬૧૫.૦૦ |
| કુલ | ૧૩ (તેર) | ૫૯ (ઓગણ સાઇઠ) | ૨૩૯૪૩.૯૭ (ત્રેવીસ હજાર નવસો તેતાલીસ) | ૧૯૨૧૭.૭૭ (ઓગણીસ હજાર બસો સત્તર) | ૪૭૨૬.૨ (ચાર હજાર સાતસો છવ્વીસ) |

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ- ૧૬<br>ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક-15-4-1448 | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી સંદિપભાઇ દેસાઇ (ચોર્યાસી) | |
| પેટા પ્રશ્ન: ૦૨ | સંપાદન હેઠળની જમીનના કેટલા ખાતેદારોને કેટલું વળતર ચુકવાયેલ છે. તેની સંખ્યા અને રકમ ? (ગામ મુજબ) |
| જવાબ | સુરત જિલ્લા મેટ્રો રેલ પ્રોજેકટ માટે ખાતેદારોને નીચે મુજબની રકમ ચુકવવામાં આવેલ છે. |

| તાલુકો | કુલ ગામ | કુલ ખાતેદારો | ચુકવાયેલ વળતર કરોડમાં |
|---|---|---|---|
| અડાજણ | ૨ | ૭૬ | ૭.૪૦ કરોડ |
| કતારગામ | ૨ | ૧૧ | ૧૬.૩૯ કરોડ |
| પૂણા | 3 | ૦૯ | ૬.૬૪ કરોડ |
| ઉધના | ૨ | ૧૦ | ૦.૩૫ કરોડ |
| મજુરા | ૪ | ૪૪ | ૪૧.૮૮ કરોડ |
| કુલ | ૧૩ (તેર) | ૧૫૦ (એકસો પચાસ) | ૭૨.૬૬ કરોડ બોત્તેર કરોડ છાસઠ લાખ) |

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ- ૧૬<br>ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક-15-4-1448 | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી મોહનભાઇ ઢોડિયા (મહુવા) | |
| પેટા પ્રશ્ન: 03 | સંપાદન હેઠળની કેટલા ખાતેદારોની કેટલી જમીનનું વળતર ચુકવવાનું બાકી છે ? વળતર બાકી રહેવાના કારણો કયા છે ? |
| જવાબ | • એવોર્ડ જાહેર કરેલા પૈકી કુલ ૪૬ ખાતેદારોને વળતર ચુકવવાના બાકી છે.<br>• જેના વળતરની કુલ રકમ રૂ.૨૧,૧૯,૯૩,૯૮૧/- (એકવીશ કરોડ ઓગણીસ લાખ ત્રાણૂં હજાર નવસો એક્યાંશી) છે.<br>• વળતર બાકી રહેવાના કારણો<br>૧. કૌટુંબિક વિવાદ હોવાથી<br>૨. કેટલાક ખાતેદાર વિદેશમાં રહેતા હોવાથી.<br>૩. જમીનની માલિકી બાબતે સુનાવણી ચાલુ હોવાથી.<br>૪. વારસાઇના પ્રશ્નોના કારણે. |

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ- ૧૬<br>ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક-15-4-1448 | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી મોહનભાઇ ઢોડિયા (મહુવા) | |
| પેટા પ્રશ્ન: ૦૪ | સુરત જિલ્લામાં સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે કેટલી જમીન સંપાદન માટે એવોર્ડ જાહેર કરવામાં આવ્યા? તે પૈકી કેટલી જમીન સંમતિ એવોર્ડથી અને કેટલી જમીન રેગ્યુલર એવોર્ડથી સંપાદન કરવામાં આવી? |
| જવાબ | સુરત જિલ્લામાં સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે સંપાદનની વિગત નીચે મુજબ છે. |

| કુલ ક્ષેત્રફળ | એવોર્ડ જાહેર થયેલ જમીનનું ક્ષેત્રફળ | સંમતિ એવોર્ડનું ક્ષેત્રફળ | રેગ્યુલર એવોર્ડનું ક્ષેત્રફળ | એવોર્ડ જાહેર કરવામાં બાકી જમીન |
|---|---|---|---|---|
| ૨૩૯૪૪.૦૧ (ત્રેવીસ હજાર નવસો ચુવાલીસ)ચોરસ મીટર | ૧૮૫૦૮.૭૭ (અઢાર હજાર પાંચસો આઠ) ચોરસ મીટર | ૪૩૨૫.૨૬ (ચાર હજાર ત્રણસો પચ્ચીસ) ચોરસ મીટર | ૧૪૧૮૩.૫૧ (ચૌદ હજાર એકસો ત્યાસી) ચોરસ મીટર | ૫૪૩૫.૨૪ (પાંચ હજાર ચારસો પાંત્રીસ) ચોરસ મીટર |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ- ૧૬
ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક-15-4-1448

# પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી મોહનભાઇ કોંકણી (વ્યારા)

| | |
|---|---|
| પેટા પ્રશ્નઃ ૦૫ | સંમતિ એવોર્ડ મુજબ કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યુ તેમજ રેગ્યુલર એવોર્ડ મુજબ કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યુ ? કેટલી રકમનું ચકવણૂં બાકી છે? (ગામ મુજબ) |
| જવાબ | મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે સંમતિ એવોર્ડ તથા રેગ્યુલર એવોર્ડથી કરવામાં આવેલ ચુકવણીની વિગતો નીચે મુજબ છે. |

| તાલુકો | કુલ ગામ | સંમતિ એવોર્ડ અન્વયે ચુકવાયેલ વળતર | રેગ્યુલર એવોર્ડ અન્વયે ચુકવાયેલ વળતર | સંમતિ એવોર્ડ અન્વયે બાકી ચુકવણી | રેગ્યુલર એવોર્ડ અન્વયે બાકી ચુકવણી |
|---|---|---|---|---|---|
| અડાજણ | ૨ | ૫,૫૩,૮૪,૦૩૪ | ૧,૮૬,૮૮,૦૦૨ | ૧,૭૫,૯૭,૪૦૭ | ૫,૪૪,૧૯,૨૩૨ |
| કતારગામ | ૨ | ૧૬,૩૯,૪૯,૪૬૩ | - | - | - |
| પૂણા | ૩ | ૧,૭૮,૨૯,૧૮૭ | ૪,૮૬,૦૬,૬૦૩ | ૪,૧૧,૦૮૪ | ૩,૪૨,૬૦,૫૫૩ |
| ઉધના | ૨ | ૩૫,૦૨,૯૩૩ | - | - | - |
| મજુરા | ૪ | ૩૭,૮૭,૨૯,૯૫૭ | ૨,૫૮,૨૦,૧૬૦ | ૪,૨૩,૦૬,૪૭૨ | ૧૦,૧૨,૪૨,૫૯૩ |
| કુલ | ૧૩ (તેર ) | ૬૧,૯૩,૯૫,૫૭૪ (એકસઠ કરોડ તાણું લાખ પંચાણું હજાર પાંચસો ચુમોત્તેર) | ૯,૩૧,૧૪,૭૬૫ (નવ કરોડ એકત્રીસ લાખ ચૌદ હજાર સાતસો પાસઠ) | ૧,૮૦,૦૮,૪૯૧ (એક કરોડ એસી લાખ આઠ હજાર ચારસો એકાણુ) | ૧૮,૯૯,૨૨,૩૭૮ (અઢાર કરોડ નવ્વાણું લાખ બાવીસ હજાર ત્રણસો ઇઠોત્તેર) |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ- ૧૬**

**ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક-15-4-1448**

પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી મોહનભાઇ કોંકણી (વ્યારા)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન: ૦૬ | સંપાદન હેઠળની કેટલી જમીનનો કબ્જો લેવામાં આવ્યો અને કેટલી જમીનનો કબ્જો લેવાનો બાકી છે. કયા કારણસર કબજો લેવાનો બાકી છે? |
| જવાબ | (૧) કુલ ૧૯૨૧૭.૭૭ (ઓગણીસ હજાર બસો સત્તર) ચોરસ મીટર જમીનનો કબજો લેવામાં આવેલ છે.<br><br>(૨) કુલ ૪૬૧૫.૨૪ (ચાર હજાર છસો પંદર) ચોરસ મીટર જમીનનો કબજો લેવાનો બાકી.<br><br>(૩) સંપાદનની કાર્યવાહી ચાલુ હોવાથી કબજો લેવાનો બાકી છે. |

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ- ૧૬<br>ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક-15-4-1448 | |
| --- | --- |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્ય | |
| પેટા પ્રશ્ન: ૦૭ | સંપાદનની કાર્યવાહીના કારણે કેટલા કુટુંબ વિસ્થાપિત થયા?વિસ્થાપિત કુટુંબ માટે શું કાર્યવાહી કરવામાં આવી? |
| જવાબ | સંપાદનની કાર્યવાહીના કારણે કોઇપણ કુટુંબ વિસ્થાપિત થતા નથી. |

મુખ્ય પેજ પર જાઓ

*પૂરક માહિતી*

# જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ – ૨૦૧૩

## જાહેર હેતુ (કલમ- ૨)

- સરકાર પોતાના ઉપયોગ માટે અને પોતાના નિયંત્રણ હેઠળના જાહેર સાહસો માટેના જાહેર હેતુ માટે જમીન સંપાદન કરી શકે છે.

  ૧. નૌસેના, લશકરી હવાઇ દળ, સંઘના સશસ્ત્ર દળો, કેંદ્રીય અર્ધલશ્કરી દળો, રાષ્ટ્રીય સુરક્ષા , રાજ્ય પોલીસ ની સલામતી , સંરક્ષણ અને લોકોની સા સલામતીને લગતી વ્યુહાત્મક બાબત.

  ૨. આધારભૂત માળખાકિય પ્રોજેક્ટસ

## સામાજિક અસર સમિક્ષા (કલમ- ૪ થી કલમ-૯)

- સામાજિક અસર સમીક્ષા ફરજિયાત બનાવવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર જાહેર હેતુ માટે જમીન સંપાદન કરતા પહેલા સામાજિક અસર સમિક્ષા અભ્યાસ કરવા બાબતે જાહેરનામું બહાર પાડશે.
- સામાજિક્ અસર સમિક્ષા અભ્યાસનું જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૬ માસમાં સામાજિક અસર સમીક્ષાનો અભ્યાસ અહેવાલ રજુ કરવાનો રહેશે.
- આહાર સમાલમતી માટેની ખાસ જોગવાઇ (કલમ-૧૦)
- વધુ પાકો વાળી અને સિંચાઇ હેઠળની જમીનો સંપાદન હેઠળ લેવી એ છેલ્લો વિકલ્પ રાખવો નેવી જોગવાઇ કરવામાં આવેલ છે.

## નીચેના પ્રોજેક્ટ્સ ને સામાજિક અસર સમિક્ષામાંથી મુક્તિ – કલમ-૧૦(ક) ગુજરાત સુધારો-૨૦૧૬

૧. સંરક્ષણ અથવા સંરક્ષણ ઉત્પાદન માટેની બનાવટો સહિત , રાષ્ટ્રીય સુરક્ષા અથવા ભારતના સંરક્ષણ અને તેના દરેક ભાગને આવશ્યક હોય તેવી યોજનાઓ

૨. વિજળીકરણ સહિત ગ્રામીણ આંતર માળખુ

૩. ગરીબ લોકો માટે આવાસ યોજના

૪. રાજ્ય સરકાર અને તેના અંડરટેકીંગ દ્વારા ઔધ્યોગિક કઓરીડોરની સ્થાપના

૫ જમીનની માલિકી સરકારમાં નિહિત થવાનું ચાલુ, ત્યારે જાહેર-ખાનગી ભાગીદરી હેઠળની પરિયોજના સહિત આંતરમાળખાકીય પરીયોજનાઓ

## પ્રાથમિક જાહેરનામુ (કલમ-૧૧)

- અધિનિયમની કલમ-૧૧ હેઠળ પ્રાથમિક જાહેરનામાની પ્રસિધ્ધિ
- પ્રાથમિક જાહેરનામામાં જાહેર હેતુ નો પ્રકારઅસરગ્રસ્ત વ્યક્તિઓને વિસ્થાપત કરવાની જરૂરીયાત માટેના કારણો, સામજીક અસર મૂલ્યાંકન અભ્યાસ મુક્તિ નુ જાહેરનામાનો ઉલ્લેખ કરવાનો રહેશે.
- આખરી જાહેરનામાની પ્રસિધ્ધિ સરકારી ગેઝેટમાં, બે સ્થાનિક વર્તમાનપત્રોમાં તે પૈકી એક વર્તમાનપત્ર ગુજરાતી ભાષામાં, ગ્રામ પંચાયત, નગરપાલિકા/મહાનગરપાલિકા કચેરીએ ગુજરાતી ભાષામાં, મામલતદાર કચેરી, પ્રાંત કચેરી અને કલેકટર કચેરીએ ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધિ,અસરગ્રસ્ત વિસ્તારમાં નિયત કરવામાં આવે તેવી જગ્યાએ અને સબંધિત વિભાગની વેબસાઈટ ઉપર કરવાની રહેશે,
- કલમ-૧૧ નું પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કર્યા બાદ કલેક્ટરશ્રી દ્વારા સંપાદન થનાર જમીનનું રેકર્ડ અધ્યતન બે માસમાં કરવાનું રહેશે.
- પ્રાથમિક જાહેરનામાની સમય મર્યાદા ૧ વર્ષની રહેશે આ સમયગાળાની મુદ્દત રાજ્ય સરકાર યોગ્ય કારણો નોંધી એક વર્ષ માટે વધારી શકાશે.
- જમીનની મોજણી , વાંધા અરજી અને તેની સુનાવણી (કલમ-૧૨ થી ૧૫)
- માપણી અગાઉ ૬૦ દિવસની નોટીસ
- કલમ-૧૧ નું જાહેરનામું બહાર પડ્યા બાદ JMS ની કામગીરી હાથ ધરવામાં આવે છે.
- પ્રથમિક જાહેરનામું બહાર પડ્યાના ૬૦ દિવસની અંદર વાંધા લેવાનો જમીન માલિકને અધિકાર છે
- કલેકટર ધ્વારા વાંધા અરજીની સુનાવણી હાથ ધર્યા બાદ, વાંધાઓ ઉપર ભલામણો, વાંધા અંગે કરેલી કાર્યવાહી, વાંધા અરજીની હાથ ધરેલ સુનાવણી અને તે અંગે કરેલી કાર્યવાહીની નોંધ અંગેનો વિગતવાર અહેવાલ સરકારશ્રીને મોકલશે.

## આખરી જાહેરનામું (કલમ ૧૯)

- કલમ ૧૧ ના પ્રાથમિક જાહેરનામાની પ્રસિધ્ધિ બાદ એક વર્ષમાં કલમ ૧૯ નું આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે,

- આખરી જાહેરનામાની પ્રસિધ્ધિ સરકારી ગેઝેટમાં, બે સ્થાનિક વર્તમાનપત્રોમાં તે પૈકી એક વર્તમાનપત્ર ગુજરાતી ભાષામાં, ગ્રામ પંચાયત, નગરપાલિકા/મહાનગરપાલિકા કચેરીએ ગુજરાતી ભાષામાં, મામલતદાર કચેરી, પ્રાંત કચેરી અને કલેકટર કચેરીએ ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધિ,અસરગ્રસ્ત વિસ્તારમાં નિયત કરવામાં આવે તેવી જગ્યાએ અને સબંધિત વિભાગની વેબસાઈટ ઉપર કરવાની રહેશે.
- પ્રાથમિક જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખથી એક વર્ષમાં આખરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવું ફરજીયાત છે. જો તેમ ન થાય તો સમગ્ર કાર્યવાહી આપોઆપ રદ થઈ જાય છે.

**<u>હિત ધરાવતી વ્યકિતઓને નોટીસ (કલમ ૨૦, ૨૧, ૨૨)</u>**

- નિર્દિષ્ટ વિસ્તાર સહીતની જમીનની નિશાની કરી, માપી તેનો નકશો બનાવવો. (કલમ-૨૦)
- હિત ધરાવતી વ્યકિતઓને ૩૦ દિવસની સમયમર્યાદાની નોટીસ આપવાની જોગવાઈ છે. (કલમ ૨૧) નોટીસમાં જણાવ્યા મુજબના સમયે, સ્થળે નોટીસ જાહેર કર્યાના ૩૦ દિવસની અંદર અને વધુમાં વધુ ૬૦ દિવસથી મોડુ નહી તે રીતે પોતાની રજુઆત, હકકદાવા રજુ કરવાના રહેશે.
- નામો અને હિતો અંગે નિવેદનો માંગવાની અને તે ફરજ પાડવાની સત્તા (કલમ ૨૨)
- આખરી એવોર્ડ. (કલમ ૨૩)
- આખરી જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખથી એક વર્ષની સમયમર્યાદામાં આખરી એવોર્ડ જાહેર કરવાની જોગવાઈ. (કલમ ૨૩)
- રાજય સરકારને યોગ્ય કારણો ધ્યાને લઇ ઉક્ત એક વર્ષ ની સમય મર્યાદા વધારી આપવાની સત્તા આપવામાં આવેલ છે. (કલમ-૨૫)

**<u>આખરી એવોર્ડ (કલમ ૨૩)</u>**

- આખરી જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખથી એક વર્ષની સમયમર્યાદામાં આખરી એવોર્ડ જાહેર કરવાની જોગવાઈ (કલમ ૨૩)
- LARR ACT 2013 ની જોગવાઈ મુજબ સંમતિ એવોર્ડની કોઈ જોગવાઈ ન હતી. ગુજરાત સુધારા કાયદા નં. ૧૨/૨૦૧૬ થી નવી દાખલ કરેલ કલમ ૨૩ (ક) મુજબ સંમતિ એવોર્ડની જોગવાઈ કરવામાં આવેલ છે. (કલમ – ૨૩(ક))

- અધિનિયમની કલમ ૩૩ ની જોગવાઈ મુજબ કલેકટર કોઈપણ સમયે પરંતુ છ મહિનાથી વધુ નહી તે રીતે આપેલ એવોર્ડમાં કારકુની ભુલ અથવા ગણતરીની ભુલના કારણે સુધારો કરી શકશે. (કલમ – ૩૩)

**<u>સંમતિ એવોર્ડ (કલમ – ૨૩–ક)</u>**

- જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩માં સંમતિ એવોર્ડની જોગવાઈ નથી. જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪માં કલમ ૧૧(૨) માં સંમતિએવોર્ડની જોગવાઈ હતી તે ધ્યાને રાખી રાજય સરકારે જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩માં કલમ ૨૩ પછી નવી કલમ ૨૩–એ દાખલ કરી સંમતિ એવોર્ડની જોગવાઈ ઉમેરવામાં આવેલ છે.

૧. સરકાર તરફથી સંમતિ એવોર્ડ કરવા માટે નીચે મુજબના સિધ્ધાંતો નકકી કરવામાં આવેલા છે. સંમતિ એવોર્ડ માટે હિત ધરાવતી વ્યકિતઓએ જે એગ્રીમેન્ટ કરવાનું હોય છે તે એગ્રીમેન્ટ ખરેખર હિત ધરાવતી વ્યકિતઓ જ કરે છે કે કેમ ? તેની ચકાસણી જમીન સંપાદન અધિકારીઓએ કર્યા બાદ આવુ એગ્રીમેન્ટ કરવું.

૨. જે બજાર કિંમત નકકી કરે તે બજાર કિંમત એવી રીતે હિત ધરાવતી વ્યકિતઓને માન્ય રહે છે તેવી રીતે સંપાદક સંસ્થાને મંજુર છે કે કેમ ? તેવી સંપાદક સંસ્થા પાસેથી સંમતિ મેળવવી જરૂરી છે.

૩. જે કિસ્સાઓમાં જમીન સંપાદનની કાર્યવાહીથી જે વ્યકિતઓની આજીવિકાનું સાધન છીનવાઈ જાય તેવા કિસ્સાઓમાં જમીનની બજાર કિંમત + બીજી વધારાની રકમ ઉમેરી તેમાં સોલેશ્યમની ગણતરી કરીને સંમતિએવોર્ડ નકકી કરવાનો રહેશે. વધારાની રકમ કેટલી કરવી તે રાજય સરકાર જાહેરનામું પ્રસિધ્ધ કરી નકકી કરી શકે છે.

૪. સંમતિ એવોર્ડ જાહેર કરવામાં આવેલ હોય તે પ્રસંગે અંદાજિત વળતરના ૮૦ ટકા આગોતરા વળતર તરીકે ચુકવવાની અને બાકીની રકમ અન્ય કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને ચુકવવાની રહે છે. (મહેસૂલ વિભાગના ઠરાવ નં: એલ.એ.ક્યુ/૨૨/૨૦૧૪/૫૪/ઘ)

૫. આ ઉપરાંત સંમતિ એવોર્ડ જાહેર થયેથી બજાર કિંમત ઉપર ૨૫% પ્રોત્સાહક રકમ ચુકવવામાં આવે છે. (મહેસૂલ વિભાગના ઠરાવ નં: એલ.એ.ક્યુ/૨૨/૨૦૧૪/૫૪/ઘ)

**જમીનની બજાર કિંમત નકકી કરવી (કલમ ૨૬)**

૧) ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ હેઠળ વેચાણ દસ્તાવેજોની નોંધણી માટે જે વિસ્તારમાં બજાર કિંમત નકકી કરવામાં આવેલ તે કિંમત,

૨) એવા જ પ્રકારની સૌથી નજીકના ગામમાં અથવા સૌથી નજીકના વિસ્તારમાં આવેલ હોય તેવી જમીનની સરેરાશ બજાર કિંમત,

૩) ખાનગી કંપનીઓ અથવા જાહેર ખાનગી ભાગીદારી પ્રોજેક્ટ માટે સંમતિ સધાઈ હોય તે કિંમત,

ઉપરના ત્રણ પૈકી જે કિંમત વધારે થતી હોય તે સંપાદન માટે ની બજાર કિંમત ગણવાની રહેશે.

**સંપાદન થતી જમીનનું વળતર નકકી કરવા માટેની પધ્ધતિ (કલમ ૨૬ થી ૩૦, ૩૯ અને ૯૬)**

- જે ખેડૂતોની જમીન સંપાદન કરવામાં આવેલ હોય તે ખેડૂતોને લઘુત્તમ વળતરના પેકેજમાં વળતરને લગતી પ્રથમ અનુસુચિ માં આપવામાં આવેલ વળતરના પેકેજ મુજબ વળતર આપવાનું રહેશે.

(૧) જમીનની પ્રવર્તમાન બજાર કિંમત ને નીચે મુજબ ફેક્ટરથી ગુણવાના રહેશે.

- ગ્રામ્ય વિસ્તારમાં જમીન માટે ૨ ગુણાંક
- શહેરી વિસ્તારમાં જમીન માટે ૧ ગુણાંક

(૨) સોલેશ્યમ (દિલાસા વળતર) રકમ = ૧૦૦ ટકા વળતરની રકમ. (ઉક્ત ૧ મુજબ નક્કી થયેલ રકમના)

(૩) જમીન સાથે જોડાયેલ અસ્કયામતોની કિંમત = કલમ ૨૯ હેઠળ જોગવાઈ કર્યા મુજબ

(૪) આખરી એવોર્ડ = (૧) + (૨) + (૩)

જમીન સંપાદન માટે કલમ-૧૧(૧) ના જાહેરનામા થી એવોર્ડ થયા તારીખ સુધી ૧૨% મુઅજબનો ભાવ વધારો.

## અધિનિયમની કલમ - ૯૬

એવોર્ડની રકમ ઉપર આવકવેરો, સ્ટેમ્પડ્યુટી, કોર્ટ ફી લાગશે નહી. પરંતુ અધિનિયમની કલમ ૯૬ હેઠળ ખાનગી વાટાઘાટોથી ખાનગી જમીન માલિકો પાસેથી જમીન ખરીદીના કીસ્સામાં આવકવેરો, સ્ટેમ્પડયુટી, કોર્ટ ફી લાગશે.

## એવોર્ડ નકકી કરતી વખતે કલેકટરે વિચારણામાં લેવાની બાબતો (કલમ-૨૮)

આ અધિનિયમ હેઠળ સંપાદિત કરવામાં આવેલ જમીનના જમીન માલિકને ચુકવવાની થતી વળતરની રકમ નકકી કરતી વખતે કલેકટરે નીચેની બાબતો વિચારણામાં લેવાની રહેશે.

- કલમ ૨૬ હેઠળ નકકી કરવામાં આવેલ બજાર કિંમત, પ્રથમ અને બીજી અનુસુચિ મુજબ એવોર્ડની રકમ, કલેકટરે જમીનનો કબજો લેતી વખતે ઉભા પાકને થયેલ નુકશાન, વૃક્ષોને થયેલ નુકશાનને કારણે હિત ધરાવનાર વ્યકિતને થયેલુ નુકશાન,
- કલેકટરે જમીનનો કબજો લેતી વખતે હિત ધરાવતી વ્યકિતની બીજી જમીનથી તેને અલગ પાડવાને કારણે તેને કોઈ નુકશાન જો કાંઈ થયુ હોય તો તેવુ નુકશાન,
- કલેકટરે જમીનનો કબજો લેતી વખતે અથવા કબજો લેવાના કારણે હિત ધરાવનાર વ્યકિતની બીજી કોઈ જંગમ કે સ્થાવર મિલ્કતને અને તેની કમાણીને હાનિકારક અસર પહોંચતી હોવાને કારણે તેને થયુ હોય તે નુકશાન,
- જમીનનું સંપાદન કરવાના પરિણામે હિત ધરાવનાર વ્યક્તિને પોતાનું રહેઠાણ અથવા ધંધાનું સ્થળ બદલવાની ફરજ પડતાં તે બદલવા માટે થયેલુ આનુસાંગિક ખર્ચ,
- અધિનિયમની કલમ ૧૯ હેઠળની આખરી જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખ અને કલેકટરે જમીનનો કબજો લીધાના સમય વચ્ચેના ગાળામાં જમીનમાંથી થતો નફો ઘટી જવાથી ખરેખર થયુ હોય તે નુકશાન,
- અન્ય કારણો જે ન્યાયિક હોય અને અસરગ્રસ્ત પરિવારો માટે લાભદાયક હોય તે કલેકટરે ધ્યાને લેવાના રહેશે.

## પુનઃસ્થાપન અને પુર્નવસન એવોર્ડ (કલમ-૩૧)

- અધિનિયમની કલમ ૩૧(૧) માં કરેલી જોગવાઈ મુજબ કલેકટર પુનઃસ્થાપન અને પુર્નવસનને લગતા દરેક અસરગ્રસ્ત પરિવાર માટે અધિનિયમની અનુસૂચિ ૨ માં જણાવ્યા મુજબની વિગતે જમીન માલિક માટે અને જે લોકોએ જમીન સિવાય રોજગાર ગુમાવ્યો હોય તેમના માટે પુનઃસ્થાપન અને પુર્નવસનનો એવોર્ડ જાહેર કરશે.

- પુનઃસ્થાપન અને પુર્નવસન એવોર્ડમાં અસરગ્રસ્ત પરિવારોને / અસરગ્રસ્તોને ચુકવવાપાત્ર વિગતોમાં નીચેની બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.
- એવોર્ડની રકમ જમા કરાવવાની હોય તે બેન્કનો અસરગ્રસ્તનો ખાતા નંબર
- પરિવારોને ચુકવવાપાત્ર રકમ
- જો મકાન આપવામાં આવ્યુ હોય તો મકાન માટેનું સ્થળ અને તે મકાનની વિગતો જમીનના બદલામાં જમીન આપવાની હોય તો તે જમીનની વિગતો એકીસમયે આપવાનું થતુ નિર્વાહ ભથ્થુ અને પરિવહન ભથ્થુ પશુઓના વાડા અને નાના દુકાનદારોને આપવાની રકમની વિગત કારીગરો અને નાના વેપારીઓને એકીસમયે આપવાની થતી રકમની વિગતો ફરજીયાત રીતે આપવાની નોકરીની વિગતો
- જો માછીમારીના કોઈ અધિકારો આપવાના હોય તો તેની વિગતો વાર્ષિકી સહાય અને મળવાપાત્ર લાભોની વિગત
- અનુ.જાતિ અને જનજાતિઓ માટેની ખાસ જોગવાઈઓ અને વિગતો

નોંધ :– <u>સુધારા કાયદા નં. ૧૨/૨૦૧૬ થી નવી **કલમ ૩૧ ક** દાખલ</u> કરી ૧૦૦ એકરથી ઓછી હોય તેટલી જમીન સંપાદિત કરવાની હોય ત્યારે, અથવા કલમ ૧૦ ની પેટાકલમ ૪ માં ઉલ્લેખ કરેલ લાંબાગાળાની યોજનાના કીસ્સામાં, કલમ ૨૭ પ્રમાણે નકકી કરેલા વળતરની રકમના ૫૦ ટકા જેટલી ઉચ્ચક રકમ અસરગ્રસ્ત કુટુંબોને પુનઃસ્થાપન અને પુર્નવસન ખર્ચ તરીકે ચુકવવાની સત્તા રહેશે

**<u>સત્તાતંત્રને પુછાણ (કલમ-૬૪)</u>**

- કોઇપણ વ્યક્તિ જેણે એવોર્ડ સ્વીકાર્યો મથી તે કલેક્ટરને લેખિત અરજી કરીને તેનો વાંધો જમીનની માપણી અંગે હોય, વળતરની રકમ અંગેનો હોય કે તે વળતર અન્ય કઇ વ્યક્તિને ચુકવવું તે અંગેનો હોય અથવા હિત ધારાવતી વ્યક્તિ વચ્ચે વળતરની વહેંચણી બાબતે હોય તે બાબત સત્તાતંત્ર મારફત નક્કી કરાવવા કલેક્ટરને પુછણ કરશે.
- કલેક્ટર આવી અરજી મળ્યાના ૩૦ દિવસની અંદર યોગ્ય સત્તાતંત્રને પુછાણ કરશે.
- આ બાબતે ગુજરાત રાજ્યમાં અમદાવાદ, સુરત અને રાજકોટ એમ ત્રણ ઝોનમાં જમીન સંપાદન પુન:સ્થાપન અને પુનર્વસન સત્તતંત્રની થાપના કરવામાં આવેલ છે.

[મુખ્ય પેજ પર જાઓ]